# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા: ૨૧–૭– ૨૦૧૧

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરમાં બિઝનેસ ડેવલપમેન્ટ સેમિનાર 'વેક અપ કોલ' યોજાયો

સુરત:ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે એક બિઝનેસ ડેવલપમેન્ટ સેમિનાર 'વેક અપ કોલ' નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં મુખ્ય વકતા તરીકે જેસીઆઈના ઈન્ટરનેશનલ ટ્રેનિંગ ફેલો શ્રી કમલ ડાબાવાલા બિઝનેસ ડેવલપમેન્ટ માટે સિસ્ટમની ઉપયોગિતા વિશેની જાણકારી રસપ્રદ પ્રેઝન્ટેશન સાથે રજૂ કરી હતી.

સેમિનારના આરંભે ચેમ્બર પ્રમુખશ્રી રોહિત મહેતાએ આમંત્રિતોનું સ્વાગત કરી પોતાના સ્વાગત વકતવ્યમાં કહયું હતું કે,સુરતનું વ્યાપાર ઉદ્યોગનું માળખુ એમએસએમઈ પર આધારિત છે ત્યારે મોટાભાગનું કામકાજ એકજ વ્યકિત ઉપર કેન્દ્રિત થયેલું હોય છે.જો કામની જવાબદારી વહેંચી દેવામાં આવે તો બિઝનેસનું ડેવલપમેન્ટ વધુ સારી રીતે થઈ શકે.રોજિંદી બાબતોમાં જાતે ઘ્યાન આપવાને બદલે જો એટલો સમય બિઝનેસના વિકાસ માટે ફાળવી શકાય તો ચોકકસ એનું સારૂ પરિણામ આવી શકે.આજનો સેમિનાર એ વિષય ઉપર કેન્દ્રિત છે અને શ્રી કમલ ડાબાવાલા જેવા નિષ્ણાત વકતા આપણી પાસે છે ત્યારે આજનો સેમિનાર ફળદાયી નિવડશે એવો મને વિશ્વાસ છે.

સેમિનારના મુખ્ય વકતા જેસીઆઈના ઈન્ટરનેશનલ ટ્રેનિંગ ફેલો શ્રી કમલ ડાબાવાલાએ પોતાની આગવી શૈલીમાં શરૂઆત કરતાં કહયું હતું કે,આપણે આપણી સંસ્થામાં જાણે કે એક કર્મચારી

હોઈએ એવો માહોલ જોવા મળે છે કેમકે બધી જવાબદારી આપણે એકલા જ સંભાળવાનું માથે લઈ લઈએ છે.કોઈ પણ સંસ્થાના સફળ સંચાલન માટે સારી સિસ્ટમ જરૂરી છે.

તેમણે પ્રેઝન્ટેશન સાથે સરળ રીતે સમજાવ્યું હતું કે,જો તમારી ગેરહાજરીમાં તમારૂ કામ વ્યવસ્થિત ચાલે તો જ તમારી સિસ્ટમ સારી ગણાય.જો તમે એવું જ માનતા હો કે તમારા વિના કામ જ નહીં થાય તો વિકાસ એ દૂરની બાબત બની જાય છે.બિઝનેસ સિસ્ટમ એટલે એવું તંત્ર જેમાં માણસો,મશીનરી, ટુલ્સ અને ટેકનોલોજી નો એવો સમન્વય જે તમારા વ્યાપારના હેતુઓને પાર પાડી શકે.તેમણે એમ પણ કહયું કે,સિસ્ટમ વ્યવહારૂ હોવી જોઈએ,નિયંત્રણમાં રહેવી જોઈએ,સરળતાથી અમલ થઈ શકે એવી હોવી જોઈએ,સ્થાનિક વાતાવરણને અનુકૂળ અને અસરકારક હોવી જોઈએ.આવી સિસ્ટમ માટે ટેકનોલોજીનો ઉપયોગ થવો જોઈએ તેમજ શરૂઆત નાનીનાની બાબતોથી કરવી જોઈએ જેથી તંત્ર ખોરવાઈ ન જાય.તેમણે ઉપસ્થિત શ્રોતાઓને તેમના પ્રતિભાવો અને સિસ્ટમ વિષેના મંતવ્યો રજૂ કરવા જણાવ્યું હતું.

એકિઝકયુટિવ કમિટી મેમ્બરશ્રી મૃણાલ શુકલએ આ શ્રેણીમાં આવનારા કાર્યક્રમોની જાણકારી આપી હતી.

મેનેજિંગ કમિટીના સભ્યશ્રી અતુલ પાઠકે આભારવિધિ આટોપી હતી.